


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (33) અંક નં. ૨૧૧ | ૧૦ ઓક્ટોબર, ૨૦૧૮, બુધવાર; આસો સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આમ્રપાલી ગ્રુપના ડાયરેક્ટર જેલ હવાલે

સુપ્રિમકોર્ટે રિયલ એસ્ટેટ ગ્રુપ આમ્રપાલીના ત્રણ ડાયરેક્ટર અનિલકુમાર શર્મા, શોવપ્રિયા અને અજયકુમારની પોલીસે ધરપકડ કરી છે. દસ્તાવેજોની સોંપણી ન કરાતા કોર્ટે આકરૂ વલણ અપનાવ્યુ છે.

### વધુ બે વૈજ્ઞાનિકોની પુછપરછ

ડીઆરડીઓના સીનીયર એન્જીનિયરની ધરપકડ બાદ વધુ બે વૈજ્ઞાનિકોની પુછપરછ કરવામાં આવી રહી છે. ફેસબુક પર દેશની સુરક્ષાને લગતી માહિતી લીંક કરવા બદલ ઉત્તરપ્રદેશ એટીએસ અને મીલેન્ટ્રી ઈન્ટેલીજન્સ દ્વારા પુછપરછ કરવામાં આવી રહી છે.

### યુપીમાં હથિયાર લાયસન્સનો પ્રતિબંધ હટાવાયો

ઉત્તરપ્રદેશ સરકારે નવા શસ્ત્ર લાયસન્સ બનાવવા પર લગાવવામાં આવેલો પ્રતિબંધ હટાવી દીધો છે. નિર્ધારીત અરજી કરનારાઓને હવે લાયસન્સના હકદાર છે.

### મહા ગઠબંધનમાં સપા-બસપા સામેલ થશે

વરિષ્ઠ કોંગ્રેસી નેતા એમ. વિરપ્પા મોઈલીએ કહ્યુ છે કે લોકસભા ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધના વિપક્ષી દળોના મહાગઠબંધનમાં સપા અને બસપા સામેલ થશે. મોઈલીએ એવો દાવો પણ કર્યો છે કે આગામી દિવસોમાં યોજાનાર પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ ખૂબ સારો દેખાવ કરશે.

# પરપ્રાંતિયોના મામલે રાજકીય રમઝટ

**પરપ્રાંતિયો પર હુમલા પાછળ કોંગ્રેસનો હાથ : ભાજપનો આરોપ : હુમલાના સંદર્ભમાં રાજકીય સંગ્રામ હજુ જારી રહે તેવા સંકેત : કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના નજીકના સાથી અલ્પેશના ઇશારે ઉત્તર ભારતીયો પર હુમલા થયા : સરકારના પગલાથી કોંગીની યોજના પર પાણી ફરી વળ્યું**

નવીદિલ્હી, તા. ૯

ગુજરાતમાં ઉત્તર ભારતીયો ઉપર હિંસાના મામલામાં રાજકીય સંગ્રામ જારી છે. ભાજપે રાજ્યમાં ફેલાયેલી હિંસાની પાછળ કોંગ્રેસનો હાથ હોવાનો આક્ષેપ કરતા કહ્યું છે કે, આની પાછળ અલ્પેશ ઠાકોર જવાબદાર દેખાઈ રહ્યા છે. તેમના વિરોધના કારણે આ પ્રકારની હિંસા ભડકી ઉઠી છે. રાજ્યમાં ઉત્તર ભારતીયો પર હુમલા બાદ અહીંથી ૫૦૦૦૦થી વધુ બિનગુજરાતી લોકો પલાયન કરી ચુક્યા છે અને પોતાના વતન પરત ફર્યા છે. જો કે, રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુરક્ષાની ખાતરી આપી છે અને તેમને પરત ફરવા અપીલ કરી છે. આજે ભાજપના પ્રવક્તા સંબીત પાત્રાએ પ્રકાર પરિષદમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, કોંગ્રેસ અને ગાંધી પરિવાર એનું નામ છે જે સત્તા માટે કંઈપણ કરી શકે છે. કોંગ્રેસની હાલમાં પાણી વગર માછલી જેવી થયેલી છે. તેમણે કહ્યું હતું કે, સત્તા માટે પાર્ટી દેશના હિતોને પણ નુકસાન પહોંચાડી રહી છે. પાત્રાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, અલ્પેશ ઠાકોર કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના નજીકના મિત્ર છે. ઠાકોરે ગુજરાતમાં હિંસાને ભડકાવી છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસે અનેક રાજ્યોમાં હિંસાને ભડકાવવામાં ભૂમિકા ભજવી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન પાટીદાર અનામત આંદોલન કોંગ્રેસના ઈશારે ચલાવવામાં આવ્યું હતું. મંદસોર આંદોલન, પાટીદાર આંદોલન, ભીમા કોરેગાંવ આંદોલનની પાછળ પણ કોંગ્રેસનો હાથ રહેલો છે. પાત્રાએ કહ્યું હતું કે, કોંગ્રેસે

● અનુસંધાન પાન-૭

## પરપ્રાંતિયોની હિજરત મામલે રૂપાણી સરકારને હાઈકમાન્ડનો ઠપકો

**મામલાને યોગ્ય રીતે હાથ ન ધરવા બદલ નારાજ : ઉત્તર ભારતીય અને ખાસ કરી બિહાર અને ઉત્તરપ્રદેશના લોકો પર કરાયેલા હુમલાને લઇને મોદી અને શાહ નારાજ**

નવીદિલ્હી,તા. ૯

ગુજરાતમાં ઉત્તર ભારતીયો પર થયેલા હુમલા અને હિજરતના મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ ખુબ ગંભીર દેખાઇ રહ્યા છે. મોદી અને શાહે આ મુદ્દે નારાજગી વ્યક્ત કરીને ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને નાયબ મુખ્યપ્રધાન નિતિન પટેલને ફટકાર લગાવી છે. માસુમ બાળકી પર રેપના મામલા બાદ ઉત્તર ભારતીયો અને ખાસ કરીને બિહાર અને ઉત્તરપ્રદેશના લોકો પર હુમલાના મામલાને યોગ્ય રીતે હાથ નહીં ધરવા બદલ બંને નેતા રૂપાથી નાખુશ દેખાઇ રહ્યા હોવાના હેવાલ મળ્યા છે.નરેન્દ્ર મોદી અને અમિત શાહ બંને ગુજરાતના હોવાના કારણે પ્રતિષ્ઠાને વધારે ફટકો પડ્યો છે. સાબરકાઠા જિલ્લામાં ૨૮મી સપ્ટેમ્બરના દિવસે ૧૪ મહિનાની બાળકી પર રેપની ઘટના બાદ ઉત્તર ભારતીયો પર હુમલાની શરૂઆત થઇ હતી. ગઈકાલે સોમવારના દિવસે ગંભીર બનેલી સ્થિતિ વચ્ચે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ફોન પર વાતચીત કરી હતી અને આ સંદર્ભમાં નક્કર પગલા લેવા વાત કરી હતી. બીજી બાજુ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સાફ શબ્દોમાં કહ્યું હતુ કે ઉત્તર ભારતીય લોકોની સુરક્ષાની જવાબદારી તેમની સરકારની બને છે. ઉત્તર ભારતીયોને પુરતી સુરક્ષા આપવામાં આવશે. આ સંદર્ભમાં કોઈપણ બાંધછોડ કરવામાં આવશે નહીં.

## રાજનિતી થશે તો હું રાજીનામુ આપી દઈશ : અલ્પેશ ઠાકોર

**ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા ગોહેલની માંગ : મિડિયા સમક્ષ પુત્રની બિમારીનો ઉલ્લેખ કરીને ભાવનાશીલ બની ગયા**

અમદાવાદ, તા. ૯

ગુજરાતમાં ઉત્તર ભારતીયો ઉપર હુમલાના સંદર્ભમાં કોંગ્રેસે ડેમેજ કન્ટ્રોલની કવાયત હાથ ધરી છે. એકબાજુ કોંગ્રેસના સિનિયર



નેતાઓ આ મુદ્દે ભાજપ સરકાર ઉપર પ્રહાર કરી રહ્યા છે. દિલ્હીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહેલે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું છે કે, રાજ્ય સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. પુરતા પગલા ઉત્તર ભારતીયોમાં વિશ્વાસ જગાવવા લઈ શકાયા નથી. બીજી બાજુ કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ડેમેજ કન્ટ્રોલ પ્રયાસો હાથ ધર્યા છે. મિડિયાની સામે આવીને અલ્પેશે આજે કહ્યું હતું કે, જો તેઓએ કોઈને ધમકી આપી છે તો ચોક્કસપણે

● અનુસંધાન પાન-૭

# ડોલરની સામે રૂપિયો વધુ ગગડ્યો

મુંબઈ, તા. ૯

ડોલર સામે રૂપિયામાં આજે વધુ ઘટાડો રહ્યો હતો. કારોબારના અંતે રૂપિયો ૭૪.૩૯ની રેકોર્ડ નીચી સપાટીએ બંધ રહ્યો હતો. સોમવારના દિવસે રૂપિયો ૭૪.૦૬ની સપાટીએ રહ્યો હતો. શરૂઆતમાં મજબૂત તેજી રહ્યા બાદ ઝડપથી વેચવાલી જોવા મળી હતી. આની સાથે જ બપોરના ગાળામાં રેકોર્ડ નીચી સપાટી જોવા મળી હતી. છેલ્લા કેટલાક દિવસથી રૂપિયામાં અવમુલ્યનનો દોર જારી રહ્યો છે. એક વર્ષના ગાળામાં જ ડોલર સામે રૂપિયામાં ૧૬ ટકાથી વધુનો ઘટાડો થઇ ચુક્યો છે. રૂપિયો ૬૩.૨૪થી ઘટીને હવે ૨૦૧૮માં ૭૪.૩૯ સુધી પહોંચી ગયો છે. ટેકનિકલ ચાર્ટમાં ઉથલપાથલનો દોર યથાવત રહી શકે છે. વર્તમાન ખાતાકીય ખાધ અને ઉંચા પરિવહન ફ્યુઅલના પરિણામ સ્વરુપે સ્થિતિ વધુ વણસી છે. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોર અને યુરોપમાં રાજકીય અંધાધૂંધીની અસર પણ જોવા મળી રહી છે. ડોલરની માંગ સતત વધી રહી છે જ્યારે રૂપિયામાં અવમુલ્યનનો દોર જારી છે. સરકાર પણ રૂપિયાની સ્થિતિને લઈને ચિંતાજનક સ્થિતિમાં દેખાઈ રહી છે. આગામી દિવસોમાં સ્થિતિ વણસી શકે છે.

● અનુસંધાન પાન-૭










